ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
પં. દીનદયાલ ભવન, જે. પી. ચોક, ખાનપુર, કર્ણાવતી - ૩૮૦ ૦૦૧
ટે.નં. ૦૭૯-૨૫૫૦૪૫૨૫/૨૬/૩૩ ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪
e-mail : bjp.gujarat@gmail.com Website : www.bjpguj.org

પ્રેસનોટ તા.૨૧/૦૨/૨૦૧૨.

# માણસા ખાતે ભાજપાનું કાર્યકર્તા સંમેલન તેમજ વિધાનસભા ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન

ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ તેમજ માણસા વિધાનસભાના ધારાસભ્ય સ્વ. પ્રો. મંગળદાસ પટેલના અવસાનને પરિણામે ખાલી પડેલી માણસા વિધાનસભાની બેઠકની તા. ૧૮ માર્ચના રોજ યોજાનાર પેટા ચૂંટણીમાં ભાજપાના જવલંત વિજયની તૈયારી માટે **"વિજય સંકલ્પ સંમેલન" તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ માણસા વિજય કોમ્પલેક્ષ ખાતે સવારે ૯.૩૦ કલાકે યોજાશે.** આ પ્રસંગે માણસા વિધાનસભાની ચૂંટણીના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરાશે.

માણસા ખાતે મધ્યસ્થ કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે યોજાનારા સંમેલનને ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પરશોત્તમભાઈ રૂપાલા, ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી આર. સી. ફળદુ, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી નટુજી ઠાકોર, પ્રદેશ મહામંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી રાજયના શિક્ષણ પ્રધાન શ્રી જયસિંહ ચૌહાણ સહિત મહાનુભાવો સંબોધશે.

**(ડૉ. જગદીશ ભાવસાર)**
**કન્વીનર - મીડીયા સેલ**